**–: પક્ષકારો ની આંક–૨૪ ની એવાર્ડ કરી આપવાની અરજી તથા આંક–૧ હેઠળ સંયુક્ત હુકમ :–**

હાલના કામે આરોપી અને ફરીયાદી જાતે હાજર થયેલા છે અને સાથે તેઓના વિ.વકીલશ્રી પણ હાજર થયેલ છે. તેઓએ હાલની સમાધાન અરજ રજુ કરેલી છે. પક્ષકારો તરફે રજુ થયેલ હાલની સમાધાન અરજ વંચાણે લીધી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા K.N. Govindan Kutty Menon vs C.D. Shaji decided on 28 November, 2011 CIVIL APPEAL NO. 10209 OF 2011 (Arising out of SLP (C) No.2798 of 2010) નો ચુકાદો વંચાણે લીધો. નામદાર સર્વોચ્ચ અદાલતે ચુકાદાથી પારા ૧૪ અને ૧૭ માં એવું પ્રતિપાદીત કરેલ છે કે,

"(14) A statutory support as evidenced in the statement of Objects and reasons of the Act would not only reduce the burden of arrears of work in regular courts, but would also take justice to the door steps of the poor and the needy and make justice quicker and less expensive. In the case on hand, the Courts below erred in holding that only if the matter was one which was referred by a civil court it could be a decree and if the matter was referred by a criminal court it will only be an order of the criminal court and not a decree under Section 21 of the Act. The Act does not make out any such distinction between the reference made by a civil court and criminal court. There is no restriction on the power of Lok Adalat to pass an award based on the compromise arrived at between the parties in a case referred by a criminal court under Section 138 of the N.I.Act, and by virtue of the deeming provision it has to be treated as a decree capable of execution by a civil court. In this regard, the view taken in Subhash Narasappa Mangrule (supra) and M/s Valarmathi Oil Industries (supra) supports this contention and we fully accept the same.

(17) From the above discussion, the following propositions emerge:

1) In view of the unambiguous language of Section 21 of the Act, every award of the Lok Adalat shall be deemed to be a decree of a civil court and as such it is executable by that Court.

2) The Act does not make out any such distinction between the reference made by a civil court and criminal court.

3)There is no restriction on the power of the Lok Adalat to pass an award based on the compromise arrived at between the parties in respect of cases referred to by various Courts (both civil and criminal), Tribunals, Family court, Rent Control Court, Consumer Redressal Forum, Motor Accidents Claims Tribunal and other Forums of similar nature.

4) Even if a matter is referred by a criminal court under Section 138 of the Negotiable Instruments Act, 1881 and by virtue of the deeming provisions, the award passed by the Lok Adalat based on a compromise has to be treated as a decree capable of execution by a civil court."

સદર ચુકાદો ધ્યાને લેતા એ સ્પષ્ટ થાય છે કે, જયારે પક્ષકારો દ્વારા લોક અદાલતમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ નીચેની ફરીયાદમાં સમાધાન કરવામાં આવે તો તેઓની માંગણી મુજબ લોક અદાલતમાં તેનો એવોર્ડ જાહેર કરી શકાય અને તેની સીવીલ રાહે બજવણી કરી શકાય. નામદાર સર્વોચ્ચ અદાલતને તાજેતરમાં તેના M/s.Meters and Instruments Pvt. Ltd. v. Kanchan Mehta (AIR 2017 SC 4594) ના ચુકાદામાં જાહેર કરેલ છે કે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો ઉદ્દેશ પનીશમેન્ટનો નહી પરંતુ કમ્પનશેટનો છે. તેમાં ત્યાં સુધી કહેલ છે કે, જો વળતરની રકમ ન ચુકવાય તો અદાલત તેને કેદની સજાની પણ કરી શકે છે તેવી જોગવાઈ છે. તે ઉપરાંત વળતરની રકમ રેવન્યુ રાહે વસુલ કરી શકાય તેવી પણ જોગવાઈ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના મીટર્સ ઈન્સ્ટ્રુમેન્ટના ચુકાદામાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના વિવિધ ચુકાદાઓનું વિગતવારનું અર્થઘટન કરી, કાયદાની પરીસ્થિતી સ્પષ્ટ કરી આપેલ છે. આ અદાલતના ધ્યાનમાં એવું પણ આવેલ છે કે એક વખત વર્ષોના વર્ષો આરોપી કેસ ચલાવે છે અને જયારે આખરી તબકકો આવે છે ત્યારે કાં તો નવા ચેક આપે છે અને સમાધાન કરવા લલચાવી સમાધાન કરી લે છે, આરોપી સમાધાન મુકે અને કેસ પુર્ણ થઈ જાય પછી આરોપીપક્ષ કાયદાના ભયથી આબાદ છટકી જાય છે અને સમાધાન પેટે આપેલા ચેકો રીટર્ન થવા માંડે છે, સમાધાન પેટે રકમ ચુકવવાના જેપ્રોમીસ

આપેલા હોય તે પાળવા બાબતે કહેવામાં આવે છે કે થાય તે કરી લો અને સીવીલ રાહે રકમ વસુલ થતી હોય તો કરી લો. પછી તે ચેક ફરીથી રીટર્ન થયા હોય તેની વસુલાત માટે ફરીયાદી ફરીથી અદાલતોના ચકકર કાપવાનું અને ફરીયાદી માટે આરોપીને શોધવાની મથામણ કરવાનું શરૂ થઈ જાય છે. જેથી ફરીયાદીપક્ષે નામદાર અદાલત અને સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ ઉપર આધાર રાખી ન્યાય વ્યવસ્થામાં વિશ્વાસ દર્શાવી સમાધાન કરવા સંમત થયેલા હોય તેને આઘાત લાગે છે અને ફરીથી તે એક અદાલતથી બીજી અદાલતના ચકકર કાપતો થઈ જાય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના M/s.Meters and Instruments Pvt. Ltd. v. Kanchan Mehta (AIR 2017 SC 4594) ના ચુકાદામાં પેરા ૭ માં જાહેર કરેલ છે કે અદાલત જે વળતર અપાવે તેના ચુકવણામાં કસુર બદલ કેદની સજા પણ કરી શકે છે.** હાલના કેસમાં પક્ષકારો જે સમાધાન લાવેલા છે તે વળતરની જ એક પ્રક્રિયા હોય તેથી તે રકમ વળતર તરીકે જ ગણાય અને માત્ર અને માત્ર આરોપીપક્ષને પેમેન્ટમાં સરળતા રહે તેથી તેઓને હપ્તા કરી આપવામાં આવે છે. તેથી એવોર્ડ કરવામાં આવે છે. બીજો પ્રશ્ન એ રહે કે સદર એવોર્ડ કરવા મેટર લોક અદાલત બોર્ડને રીફર કરવાની છે, તો શું લોક અદાલત બોર્ડને સજા કરવાની સત્તા રહેલ છે ? તેના જવાબમાં અદાલતે શકય તેટલા કાયદા અને શકય તેટલા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો અભ્યાસ કરીને અદાલત એ નિર્ણય ઉપર પહોંચેલ છે કે, જયારે એવોર્ડ પસાર કરવામાં આવે છે ત્યારે એવોર્ડના ભંગ થાય તો શું પગલા લેવાશે તે કહેવાની સત્તા છે અને તેના આધારે એવોર્ડ પાસ કરનાર ઓથોરીટીને જો એવોર્ડનું પાલન ન થાય તો કેદની સજા થશે તેવું જાહેર કરવાની પણ સત્તા છે. આ અદાલતે આપેલ આ પ્રકારના લોક અદાલતમાં કરેલ હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ કન્ફર્મ કરેલ છે. તેથી ઉપરોકત તમામ ચુકાદા અનુસંધાને હાલના કેસમાં નીચે મુજબનો એવોર્ડ કરી આપવામાં આવે છે.

**–::એવોર્ડ::–**

1. આરોપી અને ફરીયાદીને તેઓ વચ્ચેની તમામ લેણી રકમ પેટે પુરા રૂા.૬,૮૧,૦૦૦/– (અંકે રૂપિયા છ લાખ એકયાસી હજાર પુરા) માં સમાધાન થયેલ છે. જેના ચુકવણા પેટે આરોપીએ ફરીયાદીને નીચેની વિગતોએ તેના ખાતાવાળી કેનેરા બેંક, બાયડ શાખાના ચેકો ફરીયાદીને ચુકવી આપેલ છે.

| અ.નં. | ચેક નંબર | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૦૧ | ૧૩૨૬૫૧ | ૧૫.૦૭.૨૦૨૪ | ૩,૮૧,૦૦૦/– |
| ૦૨ | ૧૩૨૬૫૨ | ૦૧.૦૮.૨૦૨૪ | ૩,૦૦,૦૦૦/– |

ઉપરોકત જણાવેલ વિગતોવાળા ચેકો આરોપીએ ફરીયાદીનું નામ, રકમ, તારીખ લખી સહી કરીને આપેલ છે અને આ ચેકો પાકતી તારીખે વટાવવાથી ફરીયાદીને સમાધાન મુજબની રકમ મળી જશે તેવી આરોપીએ ફરીયાદીને ખાત્રી આપેલ છે. આમ, ઉપરોકત મુજબ આરોપીએ સમાધાન પેટે નકકી થયેલ રકમ ચુકવી આપવાની છે.

2. આરોપીએ ઉપરોકત રીતે રકમ ચુકવી આપવાની છે. જો આરોપી ધ્વારા રકમ ચુકવવામાં કસુર થશે તો બાકી રહેતી તમામ રકમ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત જણાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ૯% (નવ ટકા) વ્યાજ સાથેની રકમ આરોપી ફરીયાદીને ચુકવવા જવાબદાર રહેશે અને ફરીયાદી સીવીલ રાહે બજવણી કરી સદર તમામ રકમ ૯% (નવ ટકા) વ્યાજ સાથે વસુલ મેળવવા હકકદાર રહેશે **તથા આરોપીને વળતરની રકમ નહી ચુકવવા બદલ આરોપીએ ૬ (છ) માસની સાદી કેદ ની સજા ભોગવવાની રહેશે અને બાકી રહેતી રકમ બાબતે ફરીયાદી ઈચ્છે તો ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૧ મુજબની કાર્યવાહી પણ અનુસરી શકશે.**

3. આમ, ઉપરોકત હુકમ મુજબ ફરીયાદીએ નીચેના ઉપાયો સદર હુકમ અનુસંધાને રહેશે.
   1. ફરીયાદી પોતાની બાકી રકમ આરોપી પાસેથી સિવિલ રાહે બજવણી કરીને વસુલ મેળવી શકશે.
   2. ફરીયાદી વળતરની રકમ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૧ મુજબ પણ વસુલ મેળવી શકશે.

4. આરોપીએ રકમ ચુકવવામાં કરેલ કસુર બદલ આરોપીને છ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

5. સદરહુ સમાધાન ખુલ્લી કોર્ટમાં આરોપીને જે તે સમયે રજુ થયેલ ત્યારે જ વાંચી સંભળાવવામાં આવેલ છે અને આરોપીને સમાધાનના ભંગ અનુસંધાને ભોગવવા પડતા વિપરીત પરીણામો પણ સમજાવેલ છે અને સમાધાનના અનુસંધાને હાલના કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવે તો વાંધો નથી તે બાબતે સંમતિ લઈને હાલનો કેસ એવોર્ડ કરવા લોક–અદાલતમાં રીફર કરવામાં આવેલ છે અને આ એવોર્ડ આજરોજ લોક–અદાલતમાં પસાર કરવામાં આવેલ છે.

6. નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના Thomas v. Thomas Job (2005 KHC 1168) ના ચુકાદામાં જાહેર કર્યા મુજબ લોક–અદાલતમાં પાસ કરવામાં આવેલ એવોર્ડ નોન–અપીલેબલ છે તેની પણ પક્ષકારોને જાણ કરવામાં આવેલ છે.

7. નામદાર સર્વોચ્ચ અદાલતે સમાધાન માટે ચેકની રકમના અમુક ટકા રકમ લીગલ સર્વીસીસ ઓથોરીટીમાં જમા કરાવવા બાબતે જે ગાઈડલાઈન્સ Damodar S.Prabhu Vs. Sayed Babalal H. decided on 3 May, 2010 ના કેસમાં આપેલ છે તે પૂરેપૂરી ૧૦% રકમ આરોપી પાસેથી વસુલ કરવાનો હુકમ નીચેના કારણસર કરવામાં આવતો નથી.

   1. પક્ષકારો સ્વેચ્છાએ પોતાની રાજીખુશી અને મુકત સંમતિથી સમાધાન મુકેલ છે.
   2. કોર્ટનો અંતિમ હેતું પક્ષકારોને યોગ્ય ન્યાય મળ્યો તેવું જણાવવાનો છે.
   3. જયારે બંને પક્ષ પોતપોતાના કેસનું સેટલમેન્ટ જાતે શોધી લાવેલ છે, ત્યારે કોઈ પણ પક્ષકારને સજા કરવાનું યોગ્ય અને ન્યાયી જણાતું નથી.
   4. આજે જયારે કોર્ટો ઉપર કામનું સતત અને સખત ભારણ છે ત્યારે પક્ષકારો સમાધાનથી કાર્યવાહીની પતાવટ કરતા હોય ભલે મોડા કરતા હોય પરંતુ તેથી પણ ઉપલી કોર્ટનું ભારણ તો ઘટે છે તે બાબત ધ્યાને રાખી કોર્ટો

ઉપરનું કામનું અને કેસોનું ભારણ ઘટાડવાની દિશામાં નો જ એક સન્નિષ્ઠ પ્રયાસ છે. તેથી આરોપી પાસેથી ઉપરોકત ચુકાદા મુજબ કોઈ રકમ ભરાવેલ નથી. જેથી નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના આ જ ચુકાદાના પારા–૧૭ માં જે જયુડીશ્યલ ડિસ્ક્રીશન વાપરવા બાબતે સુચવેલ છે તે જયુડીશ્યલ ડિસ્ક્રીશન વાપરી કોઈ પણ રકમ આરોપી પાસેથી વસુલ કરવા યોગ્ય જણાતી નથી અને ઉપરોકત જણાવેલ કારણો ઘ્યાનમાં લેતાં આ કેસમાં જયુડીશ્યલ ડિસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાય છે.

– આજ તા.૨૨ માહે જુન, સને–૨૦૨૪ નાં રોજ રાષ્ટ્રીય લોક–અદાલતમાં એવોર્ડ વાંચી સંભળાવી જાહેર કર્યો.

બાયડ.
તા.૨૨/૦૬/૨૦૨૪

(પ્રણવ દિલીપકુમાર મોદી)
એડી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુ. મેજી., બાયડ.
કોડ નં.જીજે૦૧૨૦૨.